શેરો પોઝીટીવ ઈલનેસ શિષ્યવૃત્તિ આપવાની યોજનાના દરમાં સુધારો કરવાની નવી બાબત. ૨૦૨૬-૨૭

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક:SJED/NIR/e-file/17/2025/3075/CHH-2 Section
સચિવાલય, ગાંધીનગર.
તા.As per E-sign.

વંચાણે લીધા:

(૧)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૨/૦૯/૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક:અનથ/૧૦૨૦૦૯/ન.બા.૩૭/છ

(૨)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૯/૧૨/૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક: અનથ/૧૦૨૦૦૯/ન.બા.૩૭/છ

(૩)નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરનો તા.૨૦/૧૨/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: DSD/NIT/e-file/226/2025/821/planning branch

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૦૩/૦૩/૨૦૨૬ ના પત્ર ક્રમાંક: DSD/0008/03/2026.

**પ્રસ્તાવના:**

વિભાગના વંચાણે લીધા ક્રમાંક-૧ અને ૨ થી માતા-પિતા અથવા સંતાન અથવા બંન્ને શેરો પોઝીટીવ ઈલનેસ ગ્રસ્ત હોય ત્યારે આવા બાળકોને સમાજમાં આર્થિક અને માનસિક હાલાકી વેઠવી પડે છે, આવા બાળકોના વિકાસ અને શિક્ષણ સારૂ શિષ્યવૃત્તિ (સ્કોલરશીપ)ની યોજના રાજ્ય સરકારે શરૂ કરી છે.

આ યોજનાના શરૂ થઈ ત્યારથી તેના સહાયના દરોમાં સુધારો કરવામાં આવેલ નથી. આથી આજની પરિસ્થિતિ જોતા બાળકોના સ્કુલ ફી, યુનિફોર્મ, હોસ્ટેલ ફી, ભોજન જેવા ખર્ચની મોંઘવારી ધ્યાને લઈ, શિષ્યવૃત્તિના દર અને હોસ્ટેલર ખર્ચમાં સહાયના હાલના દરમાં વધારો કરવાની જરૂરીયાત જણાતા, વંચાણે લીધા ક્રમાંક:(૩) પરના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ શેરો પોઝીટીવ ઈલનેસ શિષ્યવૃત્તિ આપવાની યોજનાના દરમાં સુધારો કરવાની નવી બાબત નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ તરીકે જોગવાઈ કરવા દરખાસ્ત કરેલ હતી. સદરહુ નવી બાબતની અંદાજપત્ર ૨૦૨૬-૨૭ માં જોગવાઈ થતાં સદરહુ બાબતને વહીવટી મંજૂરી આપવા બાબતની દરખાસ્ત વંચાણે લીધેલા ક્રમાંક:(૪) પરના નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાધીનગરના પત્રથી કરેલ હતી. ઉક્ત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે શેરો પોઝીટીવ ઈલનેસ શિષ્યવૃત્તિ આપવાની યોજનાના દરમાં સુધારો કરવા માટે રૂ.૧.૮૭/-કરોડનો ખર્ચ કરવાની નીચે મુજબની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | કક્ષા | શિષ્યવૃત્તિનો દર | કક્ષા | સુધારેલ દર | વધારો |
|---|---|---|---|---|---|
| | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ધોરણ ૧ થી ૫ સુધીના | • રૂ.૫૦૦/- (માસિક રૂ.૫૦ લેખે દસ માસ માટે)<br>• સ્કુલ યુનિફોર્મના ખર્ચ પેટે રૂ.૧૫૦૦/- વાર્ષિક ઉચ્ચક લેખે | ધોરણ ૧ થી ૫ સુધીના | રૂ.૫૦૦૦/- વાર્ષિક શિષ્યવૃત્તિ ખર્ચ પેટે | ૩૦૦૦/- |
| ૨ | ધોરણ ૬ થી ૧૦ સુધીના | • રૂ.૧૦૦૦/- (માસિક રૂ.૧૦૦ લેખે દસ માસ માટે)<br>• સ્કુલ યુનિફોર્મના ખર્ચ પેટે રૂ.૧૫૦૦/- વાર્ષિક ઉચ્ચક લેખે | ધોરણ ૬ થી ૧૦ સુધીના | રૂ.૬૦૦૦/- વાર્ષિક શિષ્યવૃત્તિ ખર્ચ પેટે | ૩૫૦૦/- |
| 3 | હાયર સેકન્ડરી ધોરણ-૧૧ અને ૧૨ ડે સ્કોલર માટે | રૂ.૪,૦૦૦/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂ.૪૦૦/- પ્રમાણે દસ માસ માટે) | હાયર સેકન્ડરી ધોરણ-૧૧ અને ૧૨ ડે સ્કોલર માટે | રૂ.૮૦૦૦/- વાર્ષિક શિષ્યવૃત્તિ ખર્ચ પેટે | ૪૦૦૦/- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | હોસ્ટેલર માટે | રૂ.૧૦,૦૦૦/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂ.૪૦૦/- પ્રમાણે દસ માસ માટે તથા માસિક રૂ.૬૦૦/- ભોજન તથા હોસ્ટેલ ચાર્જીસ | હોસ્ટેલર માટે | રૂ.૧૫,૦૦૦/- વાર્ષિક શિષ્યવૃત્તિ ખર્ચ હોસ્ટેલર પેટે | ૫૦૦૦/- |
| ૪ | બી.એ./બી.કોમ./બીએસી અને સમકક્ષ ડીગ્રી અભ્યાસક્રમ માટે ડે સ્કોલર માટે | રૂ.૬,૦૦૦/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂ.૬૦૦/- પ્રમાણે દસ માસ માટે) | બી.એ./બી.કોમ./બીએસી અને સમકક્ષ ડીગ્રી અભ્યાસક્રમ માટે ડે સ્કોલર માટે | રૂ.૧૦,૫૦૦/- વાર્ષિક શિષ્યવૃત્તિ ખર્ચ પેટે | ૪૫૦૦/- |
| | હોસ્ટેલર માટે | રૂ.૧૨,૦૦૦/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂ.૬૦૦/- ભોજન તથા હોસ્ટેલ ચાર્જિસ) | હોસ્ટેલર માટે | રૂ.૧૮,૦૦૦/- વાર્ષિક શિષ્યવૃત્તિ ખર્ચ હોસ્ટેલર પેટે | ૬૦૦૦/- |
| ૫ | તબીબી અને આયુર્વેદિક તથા હોમિયોપેથીક અભ્યાસક્રમમાં ડીગ્રી કોર્સ જેવા કે બી.ઇ., બી.ટેક., એલ.એલ.બી., એમ.બી.એ. તથા સમકક્ષ અભ્યાસક્રમ તેમજ ડીપ્લોમા અભ્યાસક્રમના ડે સ્કોલર માટે | રૂ.૧૦,૦૦૦/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂ.૧,૦૦૦/- પ્રમાણે દસ માસ માટે) | તબીબી અને આયુર્વેદિક તથા હોમિયોપેથીક અભ્યાસક્રમમાં ડીગ્રી કોર્સ જેવા કે બી.ઇ., બી.ટેક., એલ.એલ.બી., એમ.બી.એ. તથા સમકક્ષ અભ્યાસક્રમ તેમજ ડીપ્લોમા અભ્યાસક્રમના ડે સ્કોલર માટે | રૂ.૧૫,૦૦૦/- વાર્ષિક શિષ્યવૃત્તિ ખર્ચ પેટે | ૫૦૦૦/- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | હોસ્ટેલર માટે | રૂ.૧૬,૦૦૦/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂ.૧,૦૦૦/- પ્રમાણે દસ માસ માટે તથા માસિક રૂ.૬૦૦/- ભોજન તથા હોસ્ટેલ ચાર્જીસ) | હોસ્ટેલર માટે | રૂ.૨૫,૦૦૦/- વાર્ષિક વાર્ષિક શિષ્યવૃત્તિ ખર્ચ હોસ્ટેલર પેટે | ૯૦૦૦/- |
| ૬ | અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ જેવા કે એમએસસી/એમ.ફીલ/એલએલએમ/ એમએડ/એમ.બી.એ. વગેરે ડે સ્કોલર માટે | રૂ.૧૦,૦૦૦/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂ.૧,૦૦૦/- પ્રમાણે દસ માસ માટે) | અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ જેવા કે એમએસસી/એમ.ફીલ/એલએલએમ/ એમએડ/એમ.બી.એ. વગેરે ડે સ્કોલર માટે | રૂ.૧૬,૦૦૦/- વાર્ષિક શિષ્યવૃત્તિ ખર્ચ પેટે | ૬૦૦૦/- |
| | હોસ્ટેલર માટે | રૂ.૧૬,૦૦૦/- (ફી અને પુસ્તકો માટે માસિક રૂ.૧,૦૦૦/- પ્રમાણે દસ માસ માટે તથા માસિક રૂ.૬૦૦/- ભોજન તથા હોસ્ટેલ ચાર્જીસ) | હોસ્ટેલર માટે | રૂ.૨૫,૦૦૦/- વાર્ષિક વાર્ષિક શિષ્યવૃત્તિ ખર્ચ હોસ્ટેલર પેટે | ૯૦૦૦/- |
| | | | | કુલ | વધારેલ સહાય કુલ રકમ ૧,૮૬,૭૮,૦૦૦/- |

ઉપરોક્ત મુજબ શિષ્યવૃત્તિના દરમાં સુધારો કરતા કુલ-૫૦૦૦ બાળકોને સહાય આપવાની થાય તેમાં ધોરણ પ્રમાણે ઉપર મુજબનો વધારો કરતા રૂ.૧,૮૬,૭૮,૦૦૦/- જેટલો થનાર વધારાના ખર્ચ નીચેના બજેટ સદરે પાડી શકાશે.

માંગણી નં. ૯૨

સામાજિક સુરક્ષા અને કલ્યાણ ૨૨૩૫

સમાજ કલ્યાણ ૦૨

બાળકલ્યાણ ૧૦૨

૦૧-SSW-૦૨ બાળ કલ્યાણ (પાલક માતા-પિતા યોજના, સુધારણાલક્ષી અને બિન સુધારણાલક્ષી કાર્યક્રમો, બાળલગ્ન અટકાયત)

ચાર્જેબલ હેડ – ૨૨૩૫ ૦૨ ૧૦૨ ૦૧   ઓબ્જેક્ટ હેડ – C4

શરતો:

1. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ રાખવાની રહેશે.
2. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
3. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદીની જોગવાઇ કરવાની રહેશે.
4. નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીએ નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.
5. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
6. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
7. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
8. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
9. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
10. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
11. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
12. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રમેશ ગામેતી)
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, નાણા વિભાગ(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, છ/બજેટ/કોમ્પ્યુટર સેલ(વિભાગની વેબસાઈટમાં છ-૨ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે)
- સિલેક્ટ ફાઈલ.